




સાબરકાંઠાના હિમતનગરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં સુરક્ષા સેતુ રંગતાળી-૨૦૧૭ આયોજિત નવરાત્રીના સાતમે ખેલૈયાઓ મનભરીને ગરબે ઘુમ્યા હતા. જ્યારે બીજી તસવીર હિમતનગરમાં એસટી બસ સ્ટેન્ડ સામે આવેલ ચામુંડા માતાજીના મંદિર નવરાત્રી ચોકમાં સાતમે નોરતે પ્રભુદાસ મહારાજ ધ્વારા ૧૦૦૦ દીવાની આરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં રહીશોએ હાજર રહી આરતીનો લાભ લીધો હતો.



## હુંજ ગામે અરવલ્લી ગીરીમાળાઓમાં મહાકાળી મા નો મેળો ભરાયો

હિંમતનગર તાલુકાના હુંજ ગામે નવરાત્રીના આઠમના દિવસે દર વર્ષે અરવલ્લી ગીરીમાળાઓના ડુગંર નજીક હજારો વર્ષ પુરાણીક મહાકાળી માતાજીનુ મંદિર આવેલ છે. ત્યા માતાજીના દર્શન કરવા આજુબાજુના ૨૦ થી ૨૫ ગામોના ભકતોની અતુટ શ્રદ્ધા અને માનતા પૂર્ણ થતા ગરબા લઈ માતાજીના મંદિરે દર્શન કરવા આવે છે. અને આજે આઠમના દિવસે હુંજ બામણા પુનાસણ ધુરેટા વાટડી હાથરોલ માકડી અને ભિલોડા સુધીના તમામ નાના મોટા ગામોના મુંબઈથી સમગ્ર દરજી સમાજના ભાઈઓ ભકતો અપાર શ્રદ્ધા માતાજી ધરાવતા હોય ફરજીયાત કામ ધંધા બંધ રાખી અચુક આઠમના દિવસે આવી દર્શન કરવા આવે છે અને આજે ભકતોનો માનવ મહેરામણ ઉમટયો હતો.

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમા શાંતિ સમિતિના સભ્યો સહિત હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. પ્રાંતિજ ખાતે મહોરમ તથા દશેરાનો તહેવાર નજીક આવતો હોવાને લઇને પ્રાંતિજ પોલીસ સ્ટેશન દ્વારા શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ પીઆઇ ટી.બી. રાઠોડ, શાંતિ દૂત રઇશભાઈ કસ્બાતી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ, નગરપાલિકા કોર્પોરેટ મહેબુબભાઈ બલોચ, સફીભાઈ, મુસ્તાકભાઈ, રાણાભાઈ સહિત ગામના અગ્રણીઓ આગેવાનો સહિત હિન્દુ-મુસ્લીમ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતાં અને તહેવારના દિવસે ટ્રાફિક બંધ રાખવો સહિતની ચર્ચાઓ કરવામાં આવી હતી અને હિન્દુ-મુસ્લીમ એકતા અને ભાઈચારો બની રહે તે માટેની ચર્ચાઓ કરવામાં આવી હતી.

### વીર મેઘમાયા સ્મારક સમિતિ દ્વારા પહેલીથી રથયાત્રા આરંભાશે

વીર મેઘમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજના મંત્રી કે.આઈ. પટેલે જણાવેલ છે કે તા. ૧લી ઓક્ટોબરથી તા. ૧૫મી ઓક્ટોબર સુધી રથયાત્રાનું આયોજન કરેલ છે. તા. ૧લી ઓક્ટોબરથી સૌરાષ્ટ્રના વિસ્તારોમાં માયાદેવનો રથ ફરશે. તા. ૧૫મી ઓક્ટોબરે સવગુણ મંદિર ઝાંઝરકા ખાતે રથયાત્રાનુ સમાપન થશે. પાટણ માયા ટેકરા ઉપર વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજ તરફથી સ્મારક ભવનનું કામ ચાલી રહેલ છે. વીરમાયા સ્મારક સમિતિના પ્રમુખ ઝવેરભાઈ ચાવડા અને મંત્રી કે.આઈ. પટેલે જણાવેલ છે.



## સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનું આયોજન

રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત રમેશભાઈ પટેલ પ્રાધ્યાપક-ગૌ- સંવર્ધન કેન્દ્ર ગૂજરાત વિધાપીઠના વ્યાખ્યાનનું આયોજન મોતીપુરા પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું . જેમાં રમેશભાઈ પટેલે વિધાર્થીઓને સ્વચ્છતામાં મારી ભૂમિકા વિષય પર સરસ રીતે સમજણ આપી હતી અને વ્યક્તિગત સ્વચ્છતા તથા ખુલે મેં શોચાલય મુક્ત ગામમાં વિધાર્થીઓની શું જવાબદારી હોઈ શકે છે તે જણાવ્યું હતું કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ સ્વય સેવક મિતુલ પટેલ તથા રાહુલ મકવાણાની સરસ કામગીરી કરી હતી.

# રાજયભરમાં ૨ થી ૮ ઓકટોબર દરમિયાન ‘વન્યપ્રાણી સપ્તાહ’ ઉજવાશે

### પ્રાણી અને માનવ વચ્ચે ઘર્ષણ ટાળવા વિવિધ સ્થાનો ઉપર ૮ સેમિનાર યોજાશે : જાગૃતિ માટે તમામ જિલ્લા તાલુકાઓમાં ૧૨૦૦ જેટલા કાર્યક્રમોમાં અંદાજે ૧૮ થી ૨૦ લાખ લોકો સહભાગી થશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં વન વિભાગ દ્વારા વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધનમાં સક્રિય ભાગીદારી-જાગૃતિના ઉમદા હેતુસર દર વર્ષે તા. ૨ થી ૮ ઓકટોબર- એક સપ્તાહ દરમિયાન ‘વન્યપ્રાણી સપ્તાહ’ ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે પણ રાજ્યભરમાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીની સાથે સાથે વિવિધ સ્થળોએ વિવિધ વિષયો પર સેમિનાર કાર્યશાળા યોજાશે.

રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના ૨૫૦ તાલુકાઓમાં અંદાજે ૧૨૦૦ કાર્યક્રમોમાં આશરે ૧૮ થી ૨૦ લાખ લોકો પ્રત્યક્ષ રીતે સહભાગી થશે જ્યારે આશરે ૧.૨૫ કરોડ લોકો સુધી વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધનનો સંદેશ પહોંચાડવાનું આયોજન કરાયુ છે. જેમાં તાલુકાઓમાં વન્યપ્રાણી સપ્તાહ દરમિયાન દરરોજ બે વન્યપ્રાણી વિષય ઉપર માહિતી આપતી બે મનોરંજક ફિલ્મ દર્શાવાશે. શાળા/કોલેજના વિદ્યાર્થીઓ વન્યજીવ પ્રેમીઓ અને પ્રજાજનોની હાજરીમાં વન્યપ્રાણી સંરક્ષણ માટે દરરોજ પ્રતિજ્ઞા લેવા માટેના કાર્યક્રમ, સ્થાનિક ટી.વી. ચેનલો ઉપર વન્યપ્રાણી જાગૃતિ માટે ક્લિપીંગ, સપ્તાહ દરમિયાન દરરોજ છબી ગૃહોમાં વન્યપ્રાણી સંરક્ષણ વિષયના સ્લાઈડ તેમજ શહેરોમાં મોકાની જગ્યાએ હોડર્લ્ગ/બેનરો લગાવીને લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરાશે.

વન્ય પ્રાણી વ્યવસ્થાપનમાં પ્રાણી અને માનવ વચ્ચે સંઘર્ષ ટાળવા તેમજ સંરક્ષણ અને સંવર્ધન અંગે ૮ જેટલા વિષયો પર રાજ્યના વિવિધ ૮ સ્થળોએ સેમિનાર -કાર્યશાળા યોજાશે. જેમાં રીંછ અને માનવ વચ્ચે ઘર્ષણ નિવારવા માટે તા. ૩જી ઓક્ટોબરના રોજ જેસોર ખાતે, તા. ૪થી ઓકટોબરના રોજ સારસ ક્રેનના સંરક્ષણ માટે ગાંધીનગર ખાતે, ઘોરાડના સંરક્ષણ માટે ભૂજ ખાતે, મગર અને માનવ વચ્ચે ઘર્ષણ નિવારવા તા. ૫મી ઓક્ટોબરના રોજ વડોદરા ખાતે, વુલ્ફના સંરક્ષણ માટે ૬ઠ્ઠી ઓકટોબરના રોજ જૂનાગઢ ખાતે, ગીધના સંરક્ષણ અને સંવર્ધન માટે ૭મી ઓકટોબરના રોજ ગાંધીનગર ખાતે ડુગોંગ-સમુદ્રી ગાયના સંરક્ષણ અને સંવર્ધન માટે ૭મી ઓક્ટોબરના રોજ મીઠાપુર ખાતે તેમજ દિપડા અને માનવ વચ્ચે ઘર્ષણ નિવારવા તા. ૮મી ઓક્ટોબરના રોજ રતનમહાલ ખાતે સેમિનાર / કાર્યશાળાનું આયોજન કરાયું છે.

## પડતર માંગણીઓને લઈને પાલનપુરમાં આશા વર્કરો છેડ્યું આંદોલન

પડતર માંગણીઓને લઈ ને રાજ્યના નર્સિંગ સ્ટાફ બાદ હવે આશા કાર્યકરોએ પણ સરકાર સામે બાંયો ચડાવી છે. ત્યારે પાલનપુર ખાતે આશાવર્કરોએ પણ ધરણાં યોજી આંદોલન છેડ્યું હતું.

પાલનપુરની કલેક્ટર કચેરી સામે ‘સમાન કામ-સમાન વેતન’ની માંગ સાથે ભૂખ હડતાલ પર ઉતરી હતી. કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગારદારી આશા વર્કરોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને આરોગ્ય મંત્રી શંકર ચૌધરી ‘હાય હાય’ના નારા લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

## સંસ્કાર ગૃપ વન્ય પ્રાણી સપ્તાહ સાથે ગાંધી જયંતિ પણ ઉજવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા ગાંધી જયંતિ ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહની સંયુક્ત ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા. ૨જી ઓક્ટોબરથી તા. ૮મી ઓક્ટોબર સુધી સંસ્થા દ્વારા યુવા વિદ્યાર્થીઓ સમક્ષ સ્વચ્છતા અભિયાન, ગાંધી જીવન ચરિત, ચિત્રકામ, પ્રશ્નોતરી, વન્ય જીવોને ઓળખો જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

સંસ્કાર ગૃપ દ્વારા મહાત્મા ગાંધી જયંતિ અંતર્ગત વિદ્યાર્થીઓને પૂ. ગાંધી બાપુના જીવન ચરિત્ર અંગે માહિતી આપવામાં આવશે. આ સાથે ચિત્રકામ, પ્રશ્નોત્તરી જેવી વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત સ્વચ્છતા અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહની પણ સાથે ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત યુવાનોને વન્યપ્રાણી, પક્ષી, જંગલ અને તેનુ મહત્વ તથા તેના સંરક્ષણ અંગે માહિતગાર કરાશે.

## સારવાર દરમ્યાન મહિલાનુ મોત નીપજતા ધાંધલ

અરવલ્લી જિલ્લાના મોડાસાની ખાનગી હોસ્પિટલમાંથી ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલેલ જ્યાં મહિલાનું કરૂણ મોત થયેલ હતુ. આ બનાવથી મોડાસા ખાનગી હોસ્પિટલના ડોક્ટરની બેદરકારી હોવાના આક્ષેપથી દર્દીના સગા સંબંધીઓએ હોબાળો મચાવેલ હતો. માલપુર તાલુકાના વાવડી ગામની પ્રસુતાને ૨૦ દિવસ અગાઉ દાખલ કરેલ હતી. ત્યારબાદ અમદાવાદ ગંભીર હાલતમાં ખસેડાઈ હતી.

માલપુર તાલુકાના વાવડી ગામની ભાવનાબેન નરેશભાઈ ખાંટને પ્રસવની પીડા ઉપડતાં ૨૦ દિવસ અગાઉ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ હતી જ્યાં સારવાર બાદ બાળકનું જન્મ થયા બાદ મૃત્યુ પામેલ હતો.

## થેલેસીમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ

તલોદ, તા. ૨૯

શ્રીમતી એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ, તલોદના ઉપક્રમે થેલેસીમિયા સ્ક્રીનીંગ ટેસ્ટનું આયોજન કરેલ. જેમાં ગુજરાત સરકાર અને હેમ. ઉ.ગુ. યુનિ. પાટણના પરિપત્ર અનુસાર બી.એસ.સી. સેમ. ૧ના વિદ્યાર્થીઓ માટે આ પ્રોગ્રામ રાખવામાં આવેલ. આ પ્રોગ્રામમાં બીએસસી સે.-૧ના ૨૮૮ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરેલ. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે સી.ડી. પટેલ મહાવિદ્યામંડળના હોદ્દેદારો હાજર રહેલ.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને થેલેસીમિયા અંગેની ઉંડાણપૂર્વક સમજ અને તેની અગત્યતા અંગે પ્રિ. ડૉ. સમીરભાઈ પરીખ અને પ્રો. બી.જી. કામદારે માહિતી આપી હતી. પ્રા. સી.ડી. અકુવાલે અને પ્રા. જે.જી. જયસ્વાલે આ પ્રોગ્રામનું સફળ સંચાલન કર્યું હતું.



તાજેતરમાં ભારતના સર્વોચ્ચ સંવૈધાનિક પદ રાષ્ટ્રપતિપદે નિયુક્તિ પામેલા રામનાથ કોવિંદને સર્વત્રથી આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. અમદાવાદના મણીનગર ખાતેના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીએ તેમના ટ્રસ્ટી મંડળ સહિત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની રાષ્ટ્રપતિભવન ખાતે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ભારત વિશ્વગુરૂ બને તેવા આશિર્વાદની સ્વામીજી પાસે કામના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીજી સ્વામિનારાયણ મંદિરના ૪૦માં વાર્ષિક પાટોત્સવ તથા નૂતન શિખર કળશારોહણ પ્રસંગે દિલ્હી ખાતે ઉપસ્થિત રહ્યાં હતા તે દરમ્યાન આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.







મોડાસા તાલુકાના આનંદપુરા કંપા અને મોડાસાની કચ્છ કડવા પાટીદાર મિત્ર મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં વેશભૂષાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં લોકોએ અવનવા રૂપ ધારણ કરી લોકોના મન મોહી લીધા હતા. દર વર્ષે યોજાતી બંને વેશભૂષા જોવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને આ વેશભૂષામાં બાળકો, યુવાનો, યુવતીઓ, ગૃહિણીઓ અને વૃધ્ધો સૌ કોઈ જોડાય છે.

## જીએસટીનું ગ્રહણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાનગીઓના ભાવ પણ વધતા ખૈલેયાઓ સહીત ગરબા પ્રેમીઓના મોં વંકાયા છે. નવરાત દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર ફાફડા જલેબીના સ્ટોલ જોવા મળી રહયા છે. જો કે નવરાત્રિના અંતે શહેરમાં આ વર્ષે વિશેષ ફાફડા જલેબીનુ વેચાણ થયુ ન હોવાનો એકરાર વેપારીઓએ કર્યો છે. વેપારીના મતે જી એસ ટી ના અમલ બાદ ફાફડા જલેબીના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે. જેના લીધે તેના વેચાણમાં પણ ૭૦ ટકા જેટલો ઘટાડો થયો છે. વેપારીઓનો અંદાજ ખોટો પડતા ધંધામાં પણ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. જી એસ ટી ના અમલ પુર્વે રોજ ૪૦ કીલો ચણાના લોટનો વપરાશ થતો હતો જે ઘટીને હવે માત્ર ૧૦ કીલો જ થતો હોવાનુ પણ વેપારીઓ જણાંવી રહયા છે. જયારે દરરોજ ૪ તેલના ડબ્બા ઉપયોગમાં લેવાતા હતા જેના બદલે હવે માત્ર એક જ ડબ્બો તેલ વપરાશમાં લેવાય છે. હાલ બજારમાં રૂ ૪૦૦ એ કીલો ફાફડા અને રૂ-૨૪૦ ની કીલો જલેબીનુ વેચાણ થાય છે. પરંતુ નાના મોટા સ્ટોલનુ કાઉન્ટર માત્ર ૩ થી ૭ હજાર રૂપિયા સુધી જ પહોંચતુ હોવાનો આક્રોશ પણ વેપારીઓ ઠાલવી રહયા છે. ગરબા પ્રેમીઓમાં ભાવ વધારાના લીધે મીઠ્ઠી જલેબીનો સ્વાદ પણ ફીક્કો પડી ગયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. સામાન્ય રીતે દશેરાના પર્વમાં ફાફડા જલેબી ઘરે ઘરે ખવાય છે. ત્યારે હવે વેપારીઓ નવરાત બાદ દશેર તરફ મીટ માંડીને બેઠા છે. જી એસ ટી ની અસરના લીધે દશેરાએ ફાફડા જલેબીનુ ધારણા મુજબ વેચાણ થશે કે કેમ તેવા પ્રશ્નાર્થ સાથે વેપારીઓ નવરાતની ખોટ વસુલવાના મુડમાં છે.

## ભરતી કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. એક જાણીતા ઉત્તર કોરિયાના અખબારે માહિતી આપતા કહ્યુ છે કે વિદ્યાર્થી અને વર્કર્સની આ સંખ્યામાં ૧૨.૨ લાખ મહિલાઓ પણ સામેલ છે. આમાં છેલ્લા છ દિવસના ગાળામાં જ કોરિયન પીપલ્સ આર્મીમાં સામેલ થયેલા લોકો અંગે પ્રશ્ન કરવામાં આવ્યો છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને ૨૨મી સપ્ટેમ્બરના દિવસે અમેરિક પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભાષણની જોરદાર નિંદા કરી હતી. જેમાં ટ્રમ્પે ઉત્તર કોરિયાને સંપૂર્ણ ખતમ કરી દેવાની વાત કરી હતી.

કિમે ટ્રમ્પને માનસિક રીતે બિમાર તરીકે ગણાવ્યા હતા અને કહ્યુ હતુ કે ઉત્તર કોરિયા ટ્રમ્પ દ્વારા અપમાનિત કરવાનો બદલો ઉચ્ચ સ્તરે લેશે. ટ્રમ્પે મંગળવારના દિવસે જ કહ્યુ હતુ કે અમેરિકી સેનાનુ કોઈ પણ પગલુ કોરિયા માટે ભયાનક સાબિત થઈ શકે છે. હાલમાં જ ઉત્તર કોરિયાના વિદેશ પ્રધાને જવાબમાં કહ્યુ હતુ કે ટ્રમ્પની આ પ્રકારની ધમકી એક પ્રકારથી યુદ્ધના સંકેત તરીકે છે. અમેરિકા દ્વારા ઉત્તર કોરિયા પર એકપછી એક પ્રતિબંધ લાદવામાં આવી રહ્યા છે. ઉત્તર કોરિયાની આઠ બેંકો અને ૨૬ કારોબારી પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્ય છે. ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ અને મિસાઈલ કાર્યક્રમને ધ્યાનમાં લઈને આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરે... લોટને કેળવી, કેળવી ને બંધાવવું અને એમાંથી વણાવું... અને ત્યારબાદ ઉકળતા તેલમાં તળાવું..! આ કેવી છે સંઘર્ષ પૂર્ણ ફાફડાની જીવનયાત્રા..! આટલી પીડા અનુભવાય ત્યારે જ સ્વાદપ્રિય બને અને મઘમઘતી મીઠાશ સાથે સ્થાન પામે છે..!!"

"હં...અ... હવે ખબર પડી સાહેબ..! સંઘર્ષ જ અસત્ય સામે લડવા સમર્થ બનાવે છે અને મીઠાશની સાથે બેસાડે છે..!"

"ખરૂ કહ્યું તમે હો..! વિજયા દશમીની સાથોસાથ ફાફડા-જલેબીનો પણ મર્મ સમજાવી દીધો..!! મજ્જા પડી ગઈ..!!"

"હં... હવે ચાલો ફાફડા, જલેબી ઝાપટીએ..!"

- નિમિત્ત માત્ર

## ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

ખુશાલભાઈ મારફત. મહાદેવભાઈ ડાયરીમાં (ભાગ-૨ પૃષ્ઠ, ૧૦૨) નોંધે છે કાગળ મોટાભાઈ મારફતે મોકલીને ઘરના વડીલોને પણ એમણે સમજાવ્યું કે ‘આને આશીર્વાદ આપવામાં પણ કેવી જવાબદારી છે.’ એનો હેતુ બાપુએ બહુ સહજતાથી વ્યક્ત કરી દીધો હતો.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## ભાગદોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સરકારની ચારેબાજુ ટિકા ટિપ્પણી થઈ રહી છે. બચાવ અને રાહત કામગીરી હજુ સુધી ચાલી રહીછે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર છે. આ ફુટ ઓવર બ્રીજ હમેંશા મોટા ભાગે પ્રવાસીઓથી હાઉસફુલ રહે છે. ટીવી અહેવાલમાં દર્શાવવામાં આવ્યુ છે કે અંધાધુંધી ફેલાઈ ગયા બાદ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. જેથી ભાગદોડ મચી ગઈ હતી. હાલના સમયમાં સૌથી મોટી ભાગદોડની ઘટના તરીકે આને જોવામાં આવે છે. મહારાષ્ટ્ર સરકારમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસે સમગ્ર બનાવ અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. તપાસના આદેશ પણ આપવામાં આવ્યા છે. હજુ સુધી આટલી મોટી ભાગદોડની ઘટના બનવાને લઈને માહિતી મળી શકી નથી. મુંબઈમાં હાલમાં ભારે વરસાદના કારણે પહેલા પણ મોટી દુર્ઘટના થઈ છે. તાજેતરમાં રેલવે તંત્રની એક પછી એક અકસ્માતના કારણે ટિકા થઈ રહી છે. આ મામલે પણ શિવ સેનાએ સરકાર પર પ્રહારો શરૂ કરી દીધા છે. મહારાષ્ટ્ર સરકારમાં રહેલા તમામ પ્રધાનો ઘટનાને લઈને સ્ટેશન ખાતે પહોંચી રહ્યા છે. બચાવ અને રાહત કામગીરી ઝડપી કરવામાં આવી છે. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકોની યાદી એકત્રિત કરવામાં આવી રહી છે. ટુંક સમયમાં જ યાદી જાહેર કરવામાં આવનાર છે. રેલવે સંબંધિત અધિકારીઓ માહિતી એકત્રિત કરવામાં લાગ્યા છે.